# પર્યાવરણ



''પ્રકૃતિના જતનમાં સુખી જીવન
કુદરત છલકાવે સમૃદ્ધિ અપાર''

આજે દુનિયામાં સૌથી મોટો ચિંતાનો વિષય હોય તો તે છે પર્યાવરણનું રક્ષણ અને આ ખતરાથી પૃથ્વીને અને તેના પરની જીવસૃષ્ટિને કેવી રીતે બચાવવી. રાજ્યના અને દેશના વિકાસની સાથોસાથ હવા, પાણી અને વાતાવરણના પ્રદૂષણ અટકાવી પર્યાવરણનું સંતુલન જાળવવું એ જીવન માટે અનિવાર્યતા બની છે. માનવીએ તેની અમર્યાદિત જરૂરિયાતો સંતોષવા કુદરતી સંપત્તિનો બેફામ ઉપયોગ કરતો આવ્યો છે જેના પરિણામે પર્યાવરણીય સંતુલન જોખમમાં મુકાયુ છે. પ્રકૃતિના નિયમોને માનવીએ પોતાના સ્વાર્થ માટે અવગણ્યા, પ્રકૃતિનું શોષણ કર્યુ અને આ કારણે વિવિધ પ્રકારના પ્રદુષણો માનવ જીવનમાં પ્રવેશ્યા.

છેલ્લા પાંચ દાયકામાં ગુજરાત રાજ્યે ઔદ્યોગિક ક્ષેત્રે ખૂબ પ્રગતિ કરી છે. પરંપરાગત ખેતી અને કાપડ ઉદ્યોગ આધારિત ગુજરાત રસાયણ, પેટ્રોકેમિકલ્સ, દવાઓ, ખાતર, યંત્રો અને સાધનો, ખાદ્ય પદાર્થો, દૂધ અને દૂધની બનાવટો વિગેરે અનેક ઉદ્યોગોમાં પ્રગતિ કરી રહ્યું છે. ઉદ્યોગોની સાથોસાથ શહેરીકરણમાં પણ રાજ્ય સમગ્ર દેશમાં આગળ પડતું સ્થાન ધરાવે છે. પરંતુ ઉદ્યોગીકરણ અને શહેરીકરણના કારણે જંગલો અને વનસ્પતિનો નાશ થાય છે અને પ્રદુષણમાં વધારો થાય છે. ચોવીસ કલાક ગંદુ પાણી કાઢતા રસાયણિક ઉદ્યોગો, ધુમાડો ઓકતા કારખાનાઓ અને અસંખ્ય વાહનો તથા વિકૃત શહેરીકરણથી ઠેરઠેર સર્જાતા ગંદકીના ઢગલાઓથી પ્રદૂષણમાં વધારો થતો રહ્યો છે. ખાદ્ય પદાર્થોના તથા અન્ય વસ્તુઓના પેકીંગ વિગેરેમાં પ્લાસ્ટીકને અમર્યાદિત ઉપયોગ, દવાખાના અને હોસ્પિટલોના જૈવિક તબીબી કચરાનો અયોગ્ય નિકાલ, જોખમી પદાર્થોના એકત્રિકરણ અને વૈજ્ઞાનિક પદ્ધતિથી યોગ્ય નિકાલનો અભાવ, ક્રુડ ઓઇલનો વાહનો વિગેરેમાં મોટા પ્રમાણમાં ઉપયોગ, રસાયણો અને પેસ્ટીસાઇડનો બેફામ ઉપયોગ વિગેરે અનેક કારણે આજે વનો, પર્વતો, નદીઓ, સાગર અને આકાશ કલુષિત બન્યા છે.

કેટલાક અભ્યાસો પરથી જણાયું છે કે ઔદ્યોગિક વિસ્તાર પાસે રહેતી વસતીમાં શ્વાસની બીમારી, કેન્સર, બાળકો ના થવા અને અન્ય સમસ્યાઓ વધુ જોવા મળે છે. આંગળા અને અંગુઠા સડી જવા, ગળાની બીમારીઓ, ચામડીની ખંજવાળ, લોહી પરિભ્રમણની તકલીફ, હૃદયની બીમારીઓ, આંખો બળવી અને અન્ય આરોગ્ય સમસ્યાઓ પણ છે.

પર્યાવરણના સંરક્ષણ વિના નિભાઉ, તર્કસંગત અને સમાન આર્થિક વિકાસ કરી શકાય નહીં એ સર્વ સ્વીકૃત બન્યું છે. પર્યાવરણની કક્ષા નીચે ઉતરતાં આર્થિક અસમાનતા પેદા થાય છે, જેમાં ગરીબો સૌથી વધુ સહન કરે છે. માનવી સ્થિતિ અને પર્યાવરણ સ્થિતિ બંને એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા છે.

આજે હરિયાળી ધરતી રણમાં અને કોંક્રીટ જંગલોમાં ફેરવાતી જાય છે. પૃથ્વી પરના ઉષ્ણતામાનમાં પ્રતિવર્ષ વધારો થતો જાય છે. પર્યાવરણ એ એક એવી બહુલક્ષી બાબત છે કે જે ઘણાં બધા ક્ષેત્રો/બાબતો સાથે સંકળાયેલી છે જેથી એની અસરો પણ વ્યાપક છે. આવનાર વર્ષોમાં પૃથ્વી પર માનવ જીવનને તથા સમગ્ર જીવાસૃષ્ટિને સ્વચ્છ હવા, પાણી અને વાતાવરણ પૂરૂં પાડવાની આપણી નૈતિક જવાબદારી છે. પર્યાવરણનું જતન કરવું, પ્રકૃતિના નિયમોનું પાલન કરવું અને પ્રદૂષણ અટકાવવા નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કરવા એ દરેક નાગરિકની ફરજ થઈ પડે છે. પર્યાવરણના રક્ષણ માટે જનજાગૃતિ ખૂબ જરૂરી છે.

## રાજ્ય દ્વારા કરવામાં આવી રહેલ કાર્યવાહી

૧૯૭૪ના જળ (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ અન્વયે ઓક્ટોબર-૧૯૭૪માં રાજ્યમાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની રચના કરવામાં આવી, જેને જળ (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) ઉપકર અધિનિયમ ૧૯૭૭ અને હવા (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, ૧૯૮૧ના અમલ-બજવણીની કામગીરી સોંપવામાં આવી અને પાછળથી પર્યાવરણ (રક્ષણ) અધિનિયમ ૧૯૮૬ના અમલની પણ જવાબદારી સોંપવામાં આવી. આ બોર્ડ ઉપર દર્શાવેલ અધિનિયમોના અમલીકરણ ઉપરાંત જૈવિક તબીબી બગાડ નિયમો, પુનઃઉપયોગમાં લીધેલ પ્લાસ્ટિકના ઉત્પાદનો અને વપરાશ નિયમો, ફ્લાય એશ અને ઇંટ ઉત્પાદન નિયમો, ધ્વનિ પ્રદૂષણ નિયમો, ઓઝોન ઘટાડનાર પદાર્થ નિયમો, મ્યુનિસિપલ ઘન કચરા અંગેના નિયમો, બેટરી નિયમો, જોખમી બગાડ અને જોખમી પદાર્થ (વ્યવસ્થા અને હેરફેર) નિયમોનું અમલકર્તાતંત્ર છે. નિભાઉ વિકાસ (sustainable development) હાંસલ કરવાના એક સાધન તરીકે પ્રદૂષણમુક્ત ઉત્પાદન પ્રસ્થાપિત થયેલ છે જે સંશાધનોનો ઓછામાં ઓછો વપરાશ કરે છે અને ઉત્પાદકતા વધારે છે. રાજ્યમાં કારખાનાઓમાંથી નિકળતા ગંદા પાણીના શુદ્ધિકરણ માટેના સંયુક્ત પ્લાન્ટ સ્થાપવામાં આવેલ છે.

રાજ્યમાં ઝડપી શહેરીકરણ, ઉદ્યોગીકરણ તથા વાહનવ્યવહારમાં વધારાના કારણે ખાસ કરીને શહેરી અને ઔદ્યોગિક વિસ્તારોમાં હવા પ્રદૂષણનું પ્રમાણ વધવા પામેલ છે. આવા દરેક વિસ્તારો માટે હવા પ્રદૂષણ નિયંત્રણ એક્શન પ્લાન (Air Polution Control Action Plan) તૈયાર કરે અમલમાં મુકાયેલ છે. આ વિસ્તારોની હવાની ગુણવત્તાના સતત વિનિયમન માટે State Ambient Air Quality Monitoring Programme ભારત સરકારની ગાઇડલાઇન્સ મુજબ અમલમાં છે.

પર્યાવરણનું યોગ્ય રક્ષણ કરવા, લોકોને પર્યાવરણલક્ષી સમસ્યાથી સભાન કરવા અને ખાસ કરીને બાળકો, વિદ્યાર્થીઓ અને શિક્ષકોના શૈક્ષણિક કાર્યક્રમો અને કુદરત સાથેના સહચર્ય દ્વારા વન્ય જીવનના રક્ષણ બાબતે જાગરૂકતા લાવવા ગુજરાત પરિસ્થિતિ વિષયક શૈક્ષણિક અને સંશોધન પ્રતિષ્ઠાન (Gujarat Ecological Education and Research Foundation) ૧૯૮૩થી સતત કામગીરી કરી રહ્યું છે. રાજ્યની પરિસ્થિતિવિષયક સમસ્યાઓનો અભ્યાસ કરી પાંખા વિસ્તારો માટે આયોજન કરવા તથા આ બાબતે લોકોમાં જાગરૂકતા લાવવા અને રાજ્યની પરિસ્થિતિવિષયક માહિતીની ડેટાબેંક તૈયાર કરવા

રાજ્યમાં ઓક્ટોબર-૧૯૯૨થી ગુજરાત પરિસ્થિતિ વિષયક આયોગ (Gujarat Ecology Commission)ની રચના કરવામાં આવી છે.

રાજ્ય સરકારે પર્યાવરણલક્ષી પ્રદૂષણ સમસ્યાનો ઉકેલ શોધી કાઢવા, સંશોધન અને વિકાસ પ્રવૃત્તિઓ હાથ ધરવા તથા રાજ્યના ઉદ્યોગો માટે અમલમાં મુકી શકાય તેવી કોસ્ટ ઇફેક્ટીવ ઉકેલ શોધી કાઢવા, પ્રદૂષણ મુક્ત ઉત્પાદન અને પર્યાવરણીય સંતુલન જાળવી રાખવા સબંધમાં માર્ગદર્શન પૂરૂં પાડવા પર્યાવરણ વ્યવસ્થા સંસ્થા (Gujarat Environmental Management Institute)ની સ્થાપના કરવામાં આવેલ છે.

આજે સમગ્ર વિશ્વ ગ્લોબલ વોર્મીંગ અને ક્લાઇમેટ ચેંજના કારણે ઉદભવતા ગંભીર પરિણામો જેવા કે ઊંચું તાપમાન, કમોસમી વરસાદ અને ભયંકર પૂરની પરિસ્થિતિ ભોગવી રહ્યું છે જે કોઇપણ દેશ કે રાજ્યની આર્થિક સ્થિતિને નુકશાન પહોંચાડે છે. ગુજરાત રાજ્યે આવી પરિસ્થિતિને ધ્યાને લઈ રાજ્યમાં ૨૨૦૦ કિ.મી. લાંબી ગેસ ગ્રીડ પ્રસ્થાપિત કરવામાં આવી રહેલ છે જે કાર્બન ડાયોક્સાઇડના પ્રમાણને નિયંત્રણ રાખવામાં સહાય કરશે. પબ્લિક ટ્રાન્સપોર્ટ અને ખાનગી વાહનોમાં સી.એન.જી.નો બહોળો ઉપયોગ તથા સોલર અને વીન્ડ પાવરના ઉપયોગ દ્વારા પણ આ દિશામાં સફળ પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે. રાજ્ય સરકારે ગ્લોબલ વોર્મીંગ અને ક્લાઇમેટ ચેંજની ગંભીરતા ધ્યાને લઇ દેશમાં સૌ પ્રથમ એક અલાયદા વિભાગની રચના કરવામાં આવી છે.

સમગ્ર વિશ્વ જયારે ગ્લોબલ વોર્મિંગના કારણે અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે ત્યારે ગુજરાત સરકાર દ્વારા પ્રદૂષણ મુક્ત વીજ ઉત્પાદન થાય તે હેતુસર બિનપરંપરાગત વીજ ઉત્પાદન ક્ષેત્રે અનેક રાહતો જાહેર કરીને, ગ્રીન અને કલીન વીજ-ઉત્પાદન વધારવા માટે દેશમાં સૌ પ્રથમ પહેલ કરીને, તાજેતરમાં જ સોલાર પાવર પોલીસી-૨૦૦૮ જાહેર કરી છે અને પવન જો નીતિ-૨૦૦૭માં સુધારો કરેલ છે. રાજ્યમાં આ રીતે વીજ-ઉત્પાદન કરવા માંગતા વીજ-ઉત્પાદકો કાર્બન ક્રેડીટનો લાભ પણ લઈ શકશે. તાજેતરમાં અમેરિકાની વિશ્વ વિખ્યાત કિલન્ટન કલાઇમેટ ઇનિશ્યેટીવ અને ગુજરાત સરકાર વચ્ચે સમજુતી કરાર થયેલ છે, જે દ્વારા રાજ્યમાં રૂા. ૫૦,૦૦૦ કરોડના રોકાણ સાથે ૩,૦૦૦ મેગાવોટ સૌર ઊર્જા ઉત્પાદન કરાશે. ગુજરાત સરકાર દ્વારા રાજ્યને પ્રદૂષણમુક્ત બનાવવાની સાથે સાથે કુદરતી સ્ત્રોતોમાંથી વીજ ઉત્પાદન મેળવીને ભવિષ્યની પેઢી માટે પ્રદૂષણમુક્ત વાતાવરણ પુરૂં પાડવાની દિશામાં પહેલ કરી છે અને રાજ્યને સમગ્ર દેશમાં ઈન્ટીગ્રેટડ સોલાર જનરેશન હબ બનાવવાનું નક્કર આયોજન કરવામાં આવેલ છે.